# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૭૬ • તા.૨૩ ઓક્ટોબર થી ૨૯ ઓક્ટોબર ૨૦૨૧

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


KDO SANJIVANI

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની સંજીવની સમિતિની ઐતિહાસીક કામગીરી

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)

## અમારી વાત...  સંપાદક સ્થાનેથી

# પુસ્તક આપણા સાચા મિત્ર

જીવનમાં જેટલી ગરજ એક સાચા અને સારા મિત્રની હોય છે. એટલીજ જરૂરત સારા અને સાચા, સ્પષ્ટ અને વિચાર અભિવ્યક્તિની ખીલવણી કરતાં શબ્દોના સાથની જરૂરી હોય છે. વાણી દ્વારા આપણા મનના વિચારો પ્રગટ થાય છે, પ્રસાર થાય છે. આ વાચા દ્વારા બોલાયેલા શબ્દો ગ્રંથસ્થ થઈ પુસ્તકારે સંગ્રહિત થાય છે. આ શબ્દોના સંકલન થયેલ પુસ્તકો વર્તમાન અને ભવિષ્યકાળમાં ઝળહળતી મશાલ જેમ અનેકોના જીવનનું માર્ગદર્શન કરે છે.

કોઈપણ ભાષામાં બોલાયેલ શબ્દો આખરે આપણા મનમાં ચાલતા વિચારોનું પૂર જેવાં, કે લાગણીઓના બાંધેલા પોટલાં જેવા અથવા આપણી વેદના, સંવેદના અને આશા કે ઉમ્મીદોના ખજાના જેવા હોય છે. મનમાં મહેરામણમાં સર્જાતા શબ્દોના મોજાં જો વાચા દ્વારા કિનારો પામે તો ઠીક છે. નહીં તો અંતરના ઊંડાણમાં ઘરબાઈ કાળ મીંઢ સમય કાળમાં દફનાઈ મરે છે.

વીતી ગયેલા વખતકાળમાં માત્ર પુસ્તકો જ શબ્દોની જાળવણીનું માધ્યમ હતા. તે અગાઉ વિશિષ્ટ પ્રકારના ઝાડનાં પતા-પાંદડા ઉપર અક્ષરો લખાઈ તેનું સંકલન થતું. હવે તો પુસ્તકોની સાથે મોર્ડન ટેકનોલોજીના લીધે વિવિધ સ્વરૂપે અક્ષરો શાશ્વત સ્વરૂપે સચવાય છે. ટેકનોલોજી આજે આશીર્વાદ રૂપે છે અને અભિશાપ રૂપે પણ તેનો પરચો દાખવે છે. પહેલાં ટેકનોલોજીના ઉપયોગના પ્રતાપે સમયની બચત થતી હતી હવે આજ ટેકનોલોજી સૌના સમયના બરબાદીનું કારણ પણ બની રહી છે.

દરેક લાગણી કંઈ શબ્દો દ્વારા લખી અભિવ્યક્ત નથી થઈ શકતી, ક્યારેક એ ગીતો દ્વારા, હસ્તકલા, રંગો કે અંગોના હાવભાવ દ્વારા પણ. ટોળેના ટોળા હોય તેં છતાં જેને કંઈ સંદેશા કહેવો છે તેને જ માત્ર એકલાને એ દ્વારા પહોંચાડી શકાય છે.

પુસ્તકોએ શબ્દોની મંજૂષા, અક્ષરોનો અખૂટ પટારો છે. જેને કાળનો ક્રમ પણ મટાવી શકતો નથી. પુસ્તકોને જ્ઞાનના ભંડાર કહેવાયા છે. સુખ દુઃખના સાચા સાથી ગણાયા છે. મન જ્યારે વિચલિત થયેલ હોય, મગજ ડામાડોળ હોય, વિચારોની નાવડી વમળના ઘેરામાં હાલક ડોલક થઈ રહી હોય ત્યારે આપણી વેદના સાંભળી શકે, સમજી શકે અને સલાહ માર્ગદર્શન આપી શકે એવા મિત્રની જરૂરત હોય છે. પણ જો મિત્ર સમીપન હોય એ સમયે કોઈ મનગમતું પુસ્તક જો આંખ સમક્ષ હોય તો તેનું વાંચન તેનું સાંનિધ્ય પામી મન-મગજને સધિયારો પ્રાપ્ત થાય છે. શબ્દોના જ્ઞાન પ્રકાશથી અવ્યક્ત શાંતિ થાય છે. અક્ષરોના સમીકરણથી જાણે નવો રાહ મળે છે, નવી દિશા મળે છે.

પુસ્તકોને પ્રેરણાની પરબ કહેવાય છે. જે તરસને મટાડે અસમંજસ અવસ્થાને શાંતિ આપે. જ્ઞાન-વિજ્ઞાન વેદ-ધર્મ, સત્ય આચાર-વિચારના અખૂટ ખજાના જે ખોબલા ખોબલા ભેર વેરે છે એવા પરમ મિત્ર પુસ્તકો સૌને માટે રહનુમા માર્ગદર્શક અને મંઝિલભણી પહોંચાડતા મિત્ર જેવા છે. મિત્રની મદદ પામવા હાકલ કરવી પડે છે. જ્યારે પુસ્તક નામનો મિત્ર આપણી સમીપ આપણા હાથ વેંતમાં જ રહે છે. એટલે જ પુસ્તકોને Friends For Ever કહેવાયા છે.

- જય જ્ઞાતિમૈયા



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com

**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.

# જીવન ઘડતરમાં શિક્ષકનું મહત્વ




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

શિક્ષકનો દરજ્જો માતા પિતાથી પણ સર્વોચ્ચ ગણાય છે. કારણ કે સંતાન પોતાનું હોવાથી માવતરની એક ફરજિયાત જવાબદારી હોય છે કે પોતાના સંતાનને જીવનના પાઠ ભણાવે. તેને સમજણ આવે ત્યારથી આ કરાય ને આ ન કરાય એવી શીખ સમજ દ્વારા તેને શરૂઆતથી તાલીમ આપીને કેળવે. પ્રેમ લાગણીને કારણે સંતાનની ભૂલ માવતર ઘણીવાર ચલાવી લે. તેની ખરાબ આદત, કુટેવ પ્રત્યે આંખ આડા કાન કરે. તેના મન ઉપર ખરાબ અસર ન પડે એ માટે તેની પ્રત્યે કઠોર વલણ ન પણ દાખવે. તેનો કુમળો માનસ વડીલની કઠોર વાતોથી શીખે સમજે અને બોધથી ન ધવાય એ પ્રત્યે સર્વે માવતરો સજાગ હોય છે. જેને લીધે તેઓ પોતાના સંતાનો પ્રત્યે વધુ વડતા સખત થઈ શકતા નથી. એની કસર શિક્ષકો સરભર કરી આપે છે.

શિક્ષક બાળકોની પ્રત્યે નરમ વલણ અને કડક આચરણ દ્વારા તેની આદતો, ભૂલો ને વર્તાવ સુધારી શકે છે. શિક્ષક બાળકના દર પગથિયે એ રાહબરી બનીને તેને દોરી શકે છે. કક્કો ઘૂંટાવીને, શીખવાડીને તેને કલેકટર બનાવી શકે છે તો તેનું માર્ગદર્શન કરી 'અ' ને ઘૂંટાવીને અંતરીક્ષમાં એરોપ્લેન ઉડાવવા સુધીની તાલીમ આપે છે. દરેક સંતાનોના હૈયે બાળપણની યાદો સતત તાજી રહે છે. મોટી ઉંમરે તેનું જીવન ઘડતર કરનાર શિક્ષકો ન ભૂલી શકતો નથી. શિક્ષકનું મૂળ કાર્ય એક પથ્થરની શિલાને ટાંકણાથી ધૈર્યપણે ટોચીટોચીને પ્રતિમાનું સ્વરૂપ આપે એ છે.

એક શિક્ષકને સવાલ કરાયો કે તમે શું કરો છો? ત્યારે વિચક્ષણ શિક્ષકે તુરત જ કહ્યું કે હું હીરા ઘસું છું એ પણ શાળામાં. વિદ્યા જેવું દુર્લભ ધન મેળવવા માટે આપણને સદાય કાબેલ, કોમળ છતાં કઠોર ગુરૂની તલાશ હોય છે. કારણ કે એક યોગ્ય ગુરૂ જ આપણા ભવિષ્યનું નિર્માણ કરતા હોય છે. અગાઉ કહેવાતું કે સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ. એ જમાનામાં ગાફેલ રહેતા વિદ્યાર્થીઓને માસ્તરો ઢીબી નાખતા. વિદ્યાર્થીઓને જ્ઞાન આપવું એ તેમની પવિત્ર ફરજની ભાગરૂપે હતું. આજે જમાનો બદલાઈ ગયો છે. શિક્ષકો તો શું માવતરો પણ બાળકોને પનીશમેન્ટ આપી શકતા નથી. અપરોક્ષ જ્ઞાન મેળવનાર એકલવ્યને ગુરૂદક્ષિણામાં પોતાના હાથનો અંગૂઠો ગુરૂદક્ષિણમાં ચૂકવવો પડ્યો હતો. માટે શિક્ષક એક શિલ્પી છે જે બાળકને મહાપુરૂષ બનાવે છે. જે મારે પણ નહીં અને ભણાવે પણ નહીં એ શિક્ષક ક્યારે કાચા હીરાને ઘસીને મૂલ્યવાન બનાવી શકે જ નહી. એ કહેવું પણ સત્ય છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની સંજીવની સમિતિની ઐતિહાસીક કામગીરી

શ્રી સમસ્ત ક.દ.ઓ.જૈન મહાજનની સંજીવની સમિતિએ છેલ્લા અઢી વર્ષમાં ૫૪ થી વધુ વ્યક્તિઓને તાત્કાલિક વૈદકીય સહાય સાથે યોગ્ય માર્ગદર્શન આપ્યું છે. આની માટે સંપૂર્ણ સંજીવની સ્કીમ, સંજીવની ટીમ અને વિશેષ કરીને સંજીવની સ્કીમના ચેરમેન મનિષાબેન પોલડીયાએ જે કાર્ય કર્યું છે તે સરાહનીય છે. આ કાર્યથી જ્ઞાતિજનો તો સંતોષ પામે જ છે તેની સાથે સાથે દર્દીઓ પણ રાહત અનુભવે છે.

વધુમાં મનિષાબેન પોલડીયાએ જણાવ્યું હતું કે ૫૪માં કેસની પૂર્ણાહુતિ દરમ્યાન જે વાત થઈ એ પ્રમાણે શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની કાર્ય પ્રણાલિકા અને કેસ પતી ગયા પછી તાબડતોબ ડોનરોના નામ જાહેર કરવાની પદ્ધતિથી અમે આ ૫૪ કેસો સફળતાપૂર્વક પૂર્ણ કરી શક્યા છીએ અને તેમા પણ ચાર, પાંચ કેસ એવા હતા કે જેની તાત્કાલિક મદદ પહોંચવી જરૂરી હતી અમારી આ કાર્ય પદ્ધતિના લીધે અમને જોઈતી રકમ તુરંત મળી જતા અમે એ દર્દીઓને સમયસર સ્વસ્થ કરી ટ્રીટમેન્ટ આપીને ઘેર મોકલી શક્યા હતા.

Samast Mahajan, Sanjivani Initiative

**CASE No.: 54**

**CLOSED FOR DONATIONS**

## Shri Mahendra Shamji Dagha

**Age:52, Varadia, Kothara**

**A Big Thank You** to All our Donor Mahajans, Patrons, Sansthas & Individuals for **your kindness and generosity**

With your timely support we could close the case on the same day

**ANUMODANA**

Medical Committee - Shri Samast KDO Jain Mahajan

**Bank Details:**
**Name:** Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan
**Bank :** Bank of Baroda Branch : Mulund (West)
**A/c.:** 99630100021765
**IFSC:** BARB0DBMULW **MICR :** 400012272

For Live Donations on Sanjivani App pls contact: **+91 75060 70851**

**Shri Samast KDO Jain Mahajan Medical Committee**

**In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 75060 70851**

# શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સંઘમાં શાશ્વજી નવપદજીની ઓળીમાં ગહુલીની અદ્‌ભૂત રચનાઓ થઈ







શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સંઘ સમાજમાં પ.પૂ.સાધ્વીશ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી યોગરૂચિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં શાશ્વતી નવપદજી ઓળીમાં સંઘની શ્રાવિકા બહેનો દ્વારા દરરોજ કરાતી વિવિધ ગહુલીની અદ્‌ભૂત રચનાઓ નિરખી મંત્રમુગ્ધ થયા હતા. ભાવ અને લગનથી રચાયેલી આ કલા સૌનું મન મોહી લીધું હતું.





# પાલીતાણા તીર્થે મહારાજ સાહેબના શ્રેણી તપના પારણા અવસરે ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે ધર્મ આરાધનાઓ થઈ



પાલીતાણા તીર્થમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી મહોદયાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.ના શ્રેણી તપના પારણા નિમિત્તે ત્રિહાન્હિકા મહોત્સવ પ્રસંગે ધર્મ આરાધનાઓ અદ્‌ભૂત ભક્તિભાવથી થઈ.

૪૬ વર્ષીય પૂજ્ય મહારાજ સાહેબ પૂર્વાશ્રમના કુવાપધ્ધરના માવિત્ર વિમલાબેન શાંતિલાલ ભવાનજી મોતાના પુત્રી છે.






## પ.પૂ.મુનિશ્રી હીંકારસાગરજી મ.સા.ની ૯૯મી આયંબિલ ઓળીના પારણા થયા




માટુંગા સંઘમાં પ.પૂ.મુનિશ્રી હિંકારસાગરજી મ.સા.ની ૯૯મી આયંબિલ ઓળીના પારણા ભવ્યતાથી થયા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ આ અદ્‌ભૂત અવસર પ્રસંગે પૂજ્ય મહારાજ સાહેબને ઉત્સાહથી વધામણ કર્યા હતા.

# કેડીઓ ક્લાસીકની સામાન્ય સભા યોજાઈ



કેડીઓ ક્લાસીકની સામાન્ય સભા તા.૧૭ ઓક્ટોબરના એકર્સ ક્લબ ચેમ્બુરમાં મળેલ. કોરાના કાળ પછી ઘણા સમય બાદ આજની સભામાં સારી સંખ્યામાં મેમ્બરો હાજરી આપી. નવકાર મંત્ર બાદ પ્રમુખ જયંતભાઈ લાપસીયાએ વેલકમ સંબોધનમાં સંસ્થા ૨૫મી સિલ્વર જ્યુબલી વર્ષની સારી રીતે ઉજવાની ઘોષણા કરી તથા મેડીકલ તથા એજ્યુકેશન સમાજ લક્ષી પ્રવૃત્તિ સારી રીતે વધારશું.

સેક્રેટરી પીનાકીન છેડાએ સ્ટેજનું સંચાલન કર્યુ તથા સંપૂર્ણ કાર્યક્રમની જવાબદારી નીભાવી હતી. ખજાનચી જયશ્રીબેન જૈન વર્ષ ૨૦૨૦-૨૧નું વાર્ષિક ઓડીટનું વાંચન તથા ખર્ચની માહિતી આપી હતી.

કેડીઓ ફાઉન્ડેશન વતી રાજેશ શાહએ ફાઉન્ડેશન દ્વારા વિવિધ મેડીકલ સ્કીમ ક.દ.ઓ.જ્ઞાતિ માટે વિનામુલ્યે વર્ષોથી યોજના છે. એની વિગતવાર માહિતી આપી હતી તથા આવનાર સમયમાં વધુથી વધુ જ્ઞાતિજનો આનો લાભ મળે એ માટે કેડીઓ ક્લાસીક ફાઉન્ડેશન પ્રયત્નશીલ રહેશે એની જાહેરાત કરી.

આ વર્ષનું ડૉ.સરોજની નાયડુ The Nightingate of India-international awardsથી સન્માનીત શ્રીમતી મીનલબેન ખોના તથા મનીષાબેન શાહનું આજની સભામાં સન્માન પ્રમુખશ્રીએ બુકેથી કર્યુ તથા કાશ્મીરાબેન ધરમશી તથા કેતકીબેન લાલકાએ શાલ ઓઢાળી સન્માન કર્યુ હતું.

આજની AGM પછી કચ્છના લાડીલા કલાકાર દિપક છેડાએ કિશોરકુમાર અને મુકેશના જૂના ગીતો ગાઈને હાજર રહેલા સૌ મેમ્બરને મંત્રમુગ્ધ કરી દીધા હતા. Acres Clubનું મનગમતું ભોજન લઈ આજના પ્રોગ્રામની મધુર યાદો સાથે સમાપ્તિ થઈ.




# પારોલા તીર્થ સંઘમાં ૪૫ આગમ સુધર્મા શ્રુતોત્સવની આમંત્રણ પત્રિકાના કંકુછાંટણા કરાયા






ખાનદેશ પ્રાંતના પારોલા તીર્થ સંઘમાં બિરાજમાન સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તીની પ.પૂ.સાધ્વીશ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ૪૫ આગમ સુધર્મા શ્રુતોત્સવની આમંત્રણ પત્રિકાના કંકુ છાંટણા સંઘના પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ અને સભ્યો દ્વારા કરી વધામણા કરાયા.

## 'જ્ઞાન વિથ ગુરૂદેવ :' આધ્યાત્મિક જ્ઞાન સરળતાથી પામવાનો અદ્વિતીય પ્રયાસ

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપ પ્રસ્તુત to answer all your unansweres questions અણ સૂલઝેલા પ્રશ્નોના જવાબ મેળવાની આસાન રીત એટલે જ્ઞાન વિથ ગુરૂદેવ. જેમાં યુવામુનિ અને ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. વિવિધ પ્રશ્નો વિષે સરલ અને સાદી શૈલીમાં જવાબ આપી જ્ઞાન અને સમજમાં વધારો કરશે. આ વિડીયો શ્રૃંખલાનો પ્રથમ એપિસોડ યુટ્યૂબ લિંક https://youtu.be/KM1Vd1eYTQU પર જોઈ અને જાણી, માણી શકશો.

## તેરા તીર્થે સિધ્ધચક્ર મહાપૂજન ધર્મ આરાધના ઉત્સાહપૂર્વક થઈ

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના તેરા તીર્થે પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વિધિકાર કેવલ સાવલાના સથવારે સિધ્ધચક્ર મહાપૂજન ભણાવેલ. આ ધર્મ આરાધનાનો અદ્‌ભૂત લહાવો સંઘના ઉપસ્થિત શ્રાવક શ્રાવકોએ ઉત્સાહભેર લીધો હતો.

## ભાંડુપ સંઘમાં નવપદજીની પૂજા મહારાજ સાહેબની મુખેથી શ્રવણ કરવાનો લ્હાવો

તા.૨૦ ઓક્ટોબરના ભાંડુપ નગર સંઘમાં આદિનાથ દાદાની શીતલછાયામાં પ.પૂ.ગુરૂદેવ આધ્યાત્મિક યોગી શ્રી ઉદયરત્નસાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં યુવામુનિ ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના મુખેથી નવપદજીની પૂજા થઈ. ૧.૪૩ કલાકનો યુટ્યૂબ વિડીયો લિંક https://youtu.be/nlet_0yQyE8 પરથી કનેક્ટ થઈ ધર્મમય લાભ સૌ પામી શકે છે.


| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી દ્વારા નવરાત્રોત્સવની ઉજવણી કરાઈ







શ્રી ભગવતી મહાકાલી મંડળ હુબલી દ્વારા નવરાત્રોત્સવની ઉજવણીના ૨૫ વર્ષે મંડળના સંસ્થાપક શાંતિલાલભાઈ રામજી લાલકાના નિવાસસ્થાને સમસ્ત જ્ઞાતિ બાંધવોના સથવારે આનંદ અને ઉત્સાહના અદ્ભૂત માહોલમાં પૂર્ણ થઈ.

ભાવનામાં સૌએ ઉત્સાહથી ભાગ લઈ પ્રસાદ તથા પ્રભાવનામાં સહકાર આપેલ તા.૯ તથા ૧૦ ઓક્ટોબરના બાળકોએ વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો અને યુવા વર્ગ દાંડિયા રાસ ગરબાની રમઝટ જમાવેલ. તા.૯ ઓક્ટોબર શનિવારે બિંદીબહેન સચિન મૈશેરીના જન્મદિવસની ઉજવણી રાસ ગરબા બાદ કેક કટિંગ કરીને કરેલ હતી અને સૌએ તેમને અભિનંદન સાથે શુભેચ્છા આપી હતી. બાળકોને ઈનામો શ્રી ભગવતી મહાકાલી મંડળ અને તેમજ ભાઈ જિતીન મોમાયા તરફથી આપવામાં આવેલ. વિજયાદશમીના દિવસે સવારે લાભ ચોઘડીયામાં આરતી કર્યા બાદ ભાઈ પ્રદીપ શાહ તરફથી રાખવામાં આવેલ જલેબી-ફાફડાનો સૌ લાભ લઈ વિખરાયા હતા.

# માટુંગા સંઘમાં છ દિવસીય ગુરૂ ગુણ કલા સત્સંગોત્સવનું અદ્ભૂત આયોજન

શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ દ્વારા અનેક લક્ષ ક્ષત્રિય પ્રતિબોધક દાદા ગુરૂ પ.પૂ.આ.ભ.શ્રી જયસિંહસૂરિશ્વરજી મ.સા.ના નવમ શતાબ્દિ વર્ષ (વિક્રમ સંવત ૧૧૭૯-૨૦૭૮) નિમિત્તે ૧૦ થી ૨૫ વર્ષ વયના બાળકો/યુવાનો માટે તા.૫ નવેમ્બર શુક્રવાર કારતક સુદ ૧ થી કારતક સુદ ૭ બુધવાર તા.૧૦ નવેમ્બર સુધી ગુરૂ ગુણ કલા સત્સંગોત્સવ અંતર્ગત જીવન શણગાર ગુણકલા જ્ઞાન શિબિરનું અદ્ભૂત આયોજન કરાયું છે.

શિબિરમાં જૈન વકૃત્વ પ્રતિયોગિતા Good Food Jain Food જૈન સાધુ જીવન વર્લ્ડ મિરેકલ લાઈફ ● What I want to be ● રિએક્શન ઓફ એન્ગર અથવા Why 7 Have to be Agree not to be Angry. ● મેરે પ્યારે ગુરૂદેવ પ.પૂ.મુનિરાજશ્રી કમલપ્રભસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા., પ.પૂ.મુનિરાજ શ્રી મેઘરક્ષિતસાગરજી મ.સા.

જૈન ચિત્ર પ્રતિયોગિતા ● અષ્ટપ્રકારી પૂજાનો કોઈ એક પૂજાનો ચિત્ર ● પ્રાચીન ગામ સંસ્કૃતિનો એક ચિત્ર ● ફટાકડાના નુકસાનનો ચિત્ર ● અષ્ટ મંગલનો કોઈ એક મંગલનો ચિત્ર, જૈન નિંબધ પ્રતિયોગિતા Essay Competition ● શાસન પતિ ભગવાન મહાવીર ● જૈન ધર્મ એવમં અચલગચ્છ ● લક્ષક્ષત્રિય પ્રતિબોધક દાદા ગુરૂદેવશ્રી જયસિંહસૂરીશ્વરજી ● પાઠશાળામાં શિક્ષણ લેવાના ખાસ ફાયદા ● વર્તમાન ગચ્છાધિપતિશ્રીનો વિરલ વ્યક્તિત્વ.

# કોજૈનના પ્રેસિડન્ટ તરીકે મનિષભાઈ મોતાની વરણી



યુએસએમાં જૈન કમ્યુનિટીનું પ્રતિષ્ઠિત સંગઠન KOJAINની વર્ષ ૨૦૨૨-૨૩ની ટર્મ માટે પ્રેસિડન્ટ તરીકે મુલુંડમાં ૧૯૬૭માં જન્મેલા અને અત્રેજ શિક્ષણ લીધેલ મનિષભાઈ કુંવરજી (રમેશ) મોતાની વરણી કરાઈ છે. તેઓ ગત કમિટિમાં ઉપપ્રમુખ તરીકે હતા. KOJAIN અમેરિકા અને કેનેડામાં વસતા ૨૫૦૦ જૈન કુટુંબોનું સંગઠન છે. તેઓ છેલ્લાં આઠ વર્ષથી આ સંસ્થામાં સક્રિય છે. કોવિડ મહામારી કાળમાં ભારતના કેવીઓ, કેડીઓની સારી સેવા કરી હતી. BE કોમ્પ્યુટર સાયન્સ થઈ અમેરિકા M.BA ડિગ્રી મેળવી ૧૯૯૬માં અમેરિકામાં સ્થાયી થયા છે. પ્રથમ ડલાસ ટેક્સાસમાં પછી છેલ્લા ૧૦ વર્ષથી ફિનિક્સમાં કોમ્પ્યુટર એન્જિનિયર તરીકે કાં ડિરેક્ટર તરીકે કાર્યરત છે.

વર્ષ ૧૯૯૩માં જખૌ અમદાવાદના ભાવના ભવાનજી માણેકજી પરબત B.Com. સાથે લગ્નગ્રંથિ જોડાયા. તેમની પુત્રી ઉર્મિ BS થઈ હાલે MSનું અભ્યાસ કરે છે.

મનિષભાઈ મોતા ફિનિક્સ જૈન સંઘના પ્રમુખ પદે હતા ત્યારે ત્યાં (૧૩ દિગંમ્બર, ૧૩ શ્વેતાંબર જિનબિંબ) સહિત ૨૬ જિનબિંબ સહિતના વિશાલ દેરાસરની પ્રતિષ્ઠા થઈ. ત્યારે વિધિકાર નરેન્દ્ર નંદુ રહ્યા હતા. ફિનિક્સ સંઘમાં મનિષભાઈ અત્યારે પણ સક્રિય છે.

# માંડવીના શિવમસ્તુ તીર્થે અચલગચ્છીય યુવાનો માટે ત્રિદિવસીય સંસ્કાર શિબિર

કચ્છના બંદરીય શહેર માંડવી પરિસરના શિરવા નગર સ્થિત શિવમસ્તુ જૈન તીર્થ મધ્યે તા.૧૨ શુક્રવાર, તા.૧૩ શનિવાર તથા તા.૧૪ નવેમ્બર રવિવારના શાસન ખુમારી, જીવન ખુમારી અને ધર્મ જાગૃતિની દિશા આપતી સંસ્કાર શિબિર વર્ષ ૨૦ થી ૬૦ વર્ષ સુધીના શ્રાવક ભાઈઓ માટે યોજાઈ છે. શિબિર વાચના અને પ્રવચનની રસધારા યુવા હૃદય સમ્રાટ પ.પૂ. શ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. દ્વારા પૂજ્ય ગુરૂદેવ પાસે રહેલા જ્ઞાન ખજાનાને લૂંટવા ઘણ લાંબા સમય બાદ અદ્ભૂત તક મળી છે. સમવસરણના ભવ્યમાં ભવ્ય જિનાલયમાં કે જ્યાંથી ઘડીભર દૂર જવાનું મન ન થયા. ત્યાં સંગીત સાથે પ્રભુ ભક્તિની મજા પણ આત્માને આનંદથી ભરી દેશે.

જિનશાસનની તમામ આરાધનાના મૂળ પાયા રૂપ સમ્યગ દર્શન દ્વારા આત્માનું ભૂતિ કેવી રીતે થાય? એ જાણતાં ખરેખર રોમાંચિત થઈ જવાશે. તમે પોતે આવો અને તમારા યુવા મિત્રોને પણ સાથે લાવો. કોઈ દાતા ત્રણ દિવસ કોઈ સારા તીર્થની યાત્રા કરવા લઈ જાય તો બધું છોડીને પણ તમે જાઓ કે નહીં? ચોક્કસ દોડીને જાઓ. તો બસ.. આ તો આત્માના તીર્થની યાત્રા માટે જ્ઞાનની અમૂલ્ય ટૂર છે. નિ:શુલ્ક મોંઘેરો લાભ મુંબઈથી કે જ્યાંથી પણ શિબિરાર્થીઓ આવશે એમને આવવા જવાનો સંપૂર્ણ ખર્ચ શિવમસ્તુ તીર્થ તરફથી અપાશે. ટિકિટની વ્યવસ્થા સૌએ જાતે કરવાની રહેશે.

નામ નોંધણી ફક્ત ૨૫ આરાધકોને જ પ્રવેશ. માત્ર તમારૂં પૂરું નામ, ગામ, ઉંમર તથા વોટસએપ નંબર તા.૮ નવેમ્બર ૨૦૨૧ સુધી મો.નં.૯૮૭૯૩૪૮૨૩૫ ઉપર મેસેજ દ્વારા જણાવવાના રહેશે.

ગેંરટી : સ્વપ્નમાં પણ ન ચૂકવા જેવી આ સોનેરી તક છે. શિબિરમાંથી ગયા પછી જ સો ટકા યાદ કરશો કે બીજી શિબિર ક્યારે યોજાય. એવો શિવમસ્તુ સમવસરણ જૈન તીર્થ તથા ધર્મ જાગૃતિ ચાહક યુવા ટીમનો વિશ્વાસ છે.

# સાંધવ નગરે વિશિષ્ટ અલૌકિક અદ્ભૂત ધારાયુક્ત મહાઅભિષેક અનુપમ અનુષ્ઠાન સંપન્ન થયા

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધવ નગરે શાંતિનાથ દાદાની શીતલ છાયામાં નવપદના ચર્તુથ પદ શુભદિવસે તા.૧૫ ઓક્ટોબર શુક્રવારના દિવસે પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ના ૪૯મા જન્મદિવસ નિમિત્તે વિશિષ્ટ અલૌકિક અદ્ભૂત ધારાયુક્ત મહાઅભિષેક અનુપમ અનુષ્ઠાન ભવ્યતાથી સંપન્ન થયા.

# બાંદરા સંઘમાં દિક્ષાર્થી મુમુક્ષોનું ભાવપૂર્વક બહુમાન કરાયું





મુંબઈના વેસ્ટર્ન રીજન ઝોનના બાંદરા શ્રી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષગુણાશ્રીજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં દિક્ષાર્થી મુમુક્ષુ વંદન કુમાર અને દીક્ષાર્થી મુમુક્ષુ કરિશ્માબેનનું ભાવપૂર્વક બહુમાન કરાયું અને આત્મકરણના માર્ગે જવાના ભાવ સફળ થાય અને સરળપણે સિધ્ધ થાય એવી શુભકામના વ્યક્ત કરાઈ હતી.

## શ્રી કચ્છી જૈન સમાજ વાપીની તહેવારોની ખરીદી સમાજની વ્યક્તિ પાસેથી કરવાની અપીલ

ઐશ્વર્યા રાય કોઈ સાબુની જાહેરાત કરશે તો વગર વિચારે ખરીદી કરી લઈશું. શિલ્પા શેટ્ટી કોઈ બ્રેકફાસ્ટનું પ્રમોશન કરશો તો તે પ્રોડક્ટ હોંશે હોંશે ખરીદી કરી લેશું. તો ગ્રીકગોડ કહેવાતા રિતિક રોશન કોઈ Deo લગાવશે તો એ બ્રાન્ડ આપણે સૌ બજારમાંથી લેતા આવીશું. જહોન અબ્રહ્મ કોઈ હેલ્થ ડ્રિન્ક પ્રમોટ કરશે તો લોકો પળનો વિચાર કર્યા વગર એ પીવા લાગશે. આવા તો અસંખ્ય ઉદાહરણો ગણાવી શકાય, પણ...પણ...પણ...જો કોઈ આપણા સમાજનો સભ્ય કે સગા વહાલું કોઈ નવો બિઝનેસ શરૂ કરશે તો આપણે તેની પાસેથી એક રૂપિયાની ચીજ વસ્તુ નહીં ખરીદીએ અને ઉપરથી કહીશું કે 'હું વિચારીને કહું' અથવા તો 'પ્રોડક્ટ ખૂબ જ મોંઘી છે.'

આપણે કેમ એ લોકોને સપોર્ટ આપીએ છીએ કે જેમને આપણે ઓળખતા સુધ્ધા નથી અને જેમની પાસે અઢળક રૂપિયા છે. જે બધી રીતે ખમતી ઘર છે. જ્યારે આપણી પાસે હજારો કારણો છે એવા ઓને સપોર્ટ નહીં કરવાના જેને આપણે ઓળખીએ છીએ. જેઓ આપણા પોતાના છે. આપણી આજુબાજુના છે. જેઓ આપણા જેવા સામાન્ય જણ છે. સામાન્ય જીવન જીવે છે. જ્યારે તમે તમારા એવા સમાજના સભ્યને મદદ કરો છો. ત્યારે તમે તમારા જેવા જ કોઈકને આગળ આવવામાં અને આત્મનિર્ભર બનવાનો મોકો આપો છો. વિચાર બદલો, પોતાને બદલોને આપણા સમાજના મિત્રો અને ઓળખીતાઓને સૌથી પહેલાં પ્રમોટ કરો. સોચ બદલો, ખુદને બદલો અને સમાજને બદલો. તો ચાલો આપણે સૌ સાથે મળીને દ્રઢ નિશ્ચર્ય કરીએ કે આ વખતે તહેવારોમાં આપણા સમાજની વ્યક્તિ પાસેથી જ ખરીદી કરીશું.

## કેડીઓ જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર આયોજિત મેગા બ્લડ ડોનેશન કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન





દક્ષિણ ભારત પ્રદેશના રાજ્ય તામિલનાડુના કોઈમ્બતુર નગરના શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોઈમ્બતુર દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. આમાં ૭૧ રક્તદાતાઓએ પોતાનું રક્ત આપી અમૂલ્ય યોગદાન પ્રદાન કર્યું હતું.

આ કેમ્પની શોભા કોઈમ્બતુરના અરૂણભાઈ ગોકુલદાસ એ વધારી હતી. જેઓ ૧૫૭ વખત બ્લડ ડોનેટ કરવાનું માન મેળવ્યું છે. દરેક બ્લડ ડોનેશન વખતે તેમને મેડલ તથા સન્માન પત્ર મળેલ છે. મહાજનશ્રી દ્વારા ચીફ ગેસ્ટ, રક્તદાતાઓ અને કેમ્પની વ્યવસ્થા જાળવવામાં મદદરૂપ થનાર કાર્યકતાઓનો આભાર માન્યો હતો. શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન કોમ્બતુરના પ્રમુખ પ્રદીપ શાહની અખબારી યાદીમાં જણાવાયું છે.

હીલ સ્ટેશન : પંચગીની – મહાબળેશ્વરમાં
હવાફેર ● શારિરીક – માનસીક આરામ અર્થે

# રાજલક્ષ્મી આરોગ્યધામ

એસ.ટી. બસ સ્ટેન્ડની બાજુમાં, કિમીન્સ સ્કૂલની સામે,
પૂના - મહાબળેશ્વર રોડ, પંચગીની (મહાબળેશ્વર) ● ફોન : 088796 77708

- પ્રકૃતિના સાનિધ્યમાં સુંદર-મનોહર દર્શન સાથે સંપૂર્ણ સુવિધાઓથી સુસજ્જ આરોગ્ય ધામ (નજીકમાં માર્કેટ + જૈન દેરાસર)
- સેલ્ફ કન્ટેન્ડ (૩+૧ વ્યક્તિ માટે) કુલ્લ ૨૪ બ્લોક

શુધ્ધ–સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.

## અન્ય સુવિધાઓ

❖ લાયબ્રેરી
❖ મીની ઈન્ડોર ગેમ
❖ કોમન ટી.વી.
❖ વિશાળ બગીચો
❖ નાના બાળકો માટે ગેમ ગાર્ડન....

**દિવાળી તથા નૂતન વર્ષની શુભેચ્છા...**

અત્યાર સુધીમાં ૪૦૦૦ થી વધુ પરિવારો લાભ લઈએ, શ્રેષ્ઠ સુવિધાઓ - ખાનપાનની મુક્તકંઠે અનુમોદના કરી છે તે બદલ આભાર. સૌનું નવું વર્ષ સ્વાસ્થ્ય સભર બની રહો એજ શુભેચ્છા.

**મુંબઈ બુકીંગ સંપર્ક :**

**રાજલક્ષ્મી આરોગ્ય ધામ**

કલકતા વાળા બિલ્ડીંગ, (૨જે માળે), ૧૩૭/૪૧, સેમ્યુઅલ સ્ટ્રીટ,
મસ્જીદ બંદર (ભાત બજાર), મુંબઈ-૪૦૦ ૦૦૯. ફોન : 088796 77709 - 23475611

# ગોરેગામ સંઘમાં નવપદની શ્રી સિધ્ધચક્રની આરાધના ભાવપૂર્વક થઈ





શ્રી ગોરેગામ અચલગચ્છ સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં આસો માસની શાશ્વતી આયંબિલની ઓળીમાં નવપદની શ્રી સિધ્ધચક્રની આરાધના નવ દિવસ કરવામાં આવી. ધર્મભક્તિના અદ્‌ભૂત માહોલમાં ધર્મ આરાધનાઓ ભવ્યતાથી થઈ. જેમાં સુંદર માંડલાની રચના કરવામાં આવી હતી. જેનો સૌ દર્શન લાભ લીધો હતો.



# ભાવભીની શ્રદ્ધાંજલિ



**મહેન્દ્ર ખોના**
તા.૧૬ ઓક્ટો.(ઉ.૬૮)
આરીખાણા-અમદાવાદ



**વિસનજી મુનવર**
તા.૧૬ ઓક્ટો.(ઉ.૫૭)
કોઠારા-માનપુરા



**નરેન્દ્ર ધરમશી**
તા.૧૬ ઓક્ટો.(ઉ.૬૨)
સેવક ભરૂડીયા-પાલીતાણા



**કાંતિલાલ દંડ**
તા.૧૭ ઓક્ટો.(ઉ.૮૪)
ભરૂડીયા-માટુંગા



**રતનબેન લોડાયા**
તા.૧૮ ઓક્ટો.(ઉ.૭૮)
સાંધવ-ભાંડુપ



**ધનજી માલદે**
તા.૧૯ ઓક્ટો. (ઉ.૭૩)
સેવક ભરૂડીયા-નેરૂલ



**કિશોર સોની**
તા.૨૨ ઓક્ટો.(ઉ.૭૪)
સાંયરા-થાણા

**નોંધ**-ગતાંકમાં અંક નં.૧૭૫માં પાના નં.૧૭ ઉપર શરતચૂકથી મુકુંદ ધરમશી નામ લખાઈ ગયેલ હતું તે સુધારીને નરેન્દ્રભાઈ ધરમશી વાંચવું.

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છમાં જ્યારે રેલવે નેટવર્ક બિછાવવાની કામગીરી શરૂ થઈ ત્યારે કોઈપણ કારણોસર રેલવે સેવાથી ન જોડાઈ શકેલ રાપર શહેરને હવે રેલવે લાઈ સાથે જોડવા માટેના ચક્રો ગતિમાન થયા છે. આ અંગે કચ્છના સાંસદના પ્રયાસ બાદ અધિકારીઓ સ્થાનિકે સઈ ગામે સ્ટેશન ક્યાં વિકસાવી શકાય તે માટેની શકતાઓ ચકાસી હતી. ધોળા વીરા વિશ્વ ઘરોહર જાહેર થયું છે ત્યારે સ્ટેશન ક્યાં વિકસાવી શકાય તે માટેની શકતાઓ ચકાસી હતી. ધોળા વીરા વિશ્વ ધરોહર જાહેર થયું છે ત્યારે આ પ્રયાસ કામગિરી વધુ વેગવંતી બને તો પ્રવાસીઓને સાનુકૂળતા રહેશે. આ સમયે સૌ પ્રથમ સઈ, બાદલપર, કીડિયાનગર અને રાપરથી ૧૪ કિ.મી. દૂરના છોટાપર સહિતના વિસ્તારોમાં સ્ટેશન બનાવવા માટે શક્યતા ચકાસી હતી. આ અધિકારીઓ દ્વારા આ અંગેનો અહેવાલ ઉચ્ચ કક્ષાએ મૂકવામાં આવશે.

● ગાંધીધામ સંકુલમાં કાકા પ્રીભ દાસ તોલાણી દ્વારા દીર્ઘદ્રષ્ટિ સાથે નાંખેલું ઉચ્ચ શિક્ષણનું બીજ આજે વિશાળ વટવૃક્ષ બન્યું છે અને હજારો વિદ્યાર્થીઓ આ સંસ્થામાં શિક્ષણ મેળવી સારી કારકિર્દી ઘડી રહ્યાં છે. એક કોલેજથી શરૂ થયેલા તોલાણી વિદ્યામંદિર સંકુલમાં વિવિધ ઉચ્ચ અભ્યાસ ક્રમની સાત કોલેજો કાર્યરત છે. જીવનમાં શિક્ષણને અત્યંત મહત્વ આપતા કાકા પ્રીભ દાસ તોલાણી એ વર્ષ ૧૯૬૧માં તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલિટેકનિક કોલેજની સ્થાપના કરી અને હાલે તેના થકી આદિપુર શિક્ષણ નગરી તરીકે ઓળખાય છે. સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશન દ્વારા શૈક્ષણિક કાર્ય માટે ૪૨ એકર જમીનની ફાળવણી કરવામાં આવી હતી. ૧૨ વિદ્યાર્થીઓ સાથે આર્ટસ કોલેજ શરૂ કરાઈ. બાદમાં તેમાં વિજ્ઞાન પ્રવાહ, હોમ સાયન્સ ૧૯૭૩માં કોમર્સ, ૧૯૮૪માં ફાર્મસી કોલેજ શરૂ કરાઈ. ત્યારબાદ મેનેજમેન્ટ, ૨૦૦૫માં અંગ્રેજી માધ્યમની કોર્મસ કોલેજ અને ૨૦૦૭માં લો કોલેજ. હાલ કેમ્પસમાં ૧૦૦ જેટલા પ્રાધ્યાપકો ૮૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને શિક્ષણ જ્ઞાન આપી રહ્યાં છે.

● વિશ્વમાં પર્યાવરણની જાળવણી અર્થે આવેલી જાગૃતિના ભાગરૂપે દરિયામાં ડીઝલ જેવા ઈંધણથી ચાલતા જહાજના બદલે પવન ઉર્જાથી ચાલતાં જહાજ બનાવાયા છે. આવું જ એક જહાજ દેશમાં પહેલી વખતે દીનદયાળ મહાબંદર કંડલા મધે લાંગરતા લોકોની સાથે બંદર કર્મચારીઓ અને અધિકારીઓમાં ઉત્કંઠા જાગી હતી. મૂળ જર્મનનું આ વિશિષ્ટ પ્રકારનું ઈ-શિપ ૧ દરિયામાં ચાલતું હોય છે ત્યારે તે પોતાનામાં લાગેલા ટાવર થકી પવન અંદર શોષે છે. જેથી પવન જ જહાજના ટર્બાઈન ચલાવે છે અને વીજળી ઉત્પન્ન કરે છે. એને લીધે વીજળીથી જહાજના એન્જિન ચાલે છે. માત્ર જેટી ઉપર હોય ત્યારે જ આ જહાજ ડીઝલ કે અન્ય ઈંધણનો ઉપયોગ કરે છે. દરિયામાં તેને કોઈ જ ઈંધણની જરૂર પડતી નથી.

● ભચાઉ નગર પાલિકા દ્વારા પ્રાચીન કંથડનાથજી કિલ્લા પર ચંદ્રમૌલેશ્વર મંદિર પરિસરમાં ૪૧ ફૂટની વિશાળ કદની શિવ પ્રતિમાનું લોકાપર્ણ માંડવીના ધારાસભ્ય વીરેન્દ્રસિંહ બહાદુર સિંહ જાડેજાના હસ્તે કરાયું. આ પ્રસંગને માન આપી ભચાઉના હિન્દુ મુસ્લિમ વેપારીઓએ પાંખી પાડી હતી. આ ભવ્ય અને વિશાળ પ્રતિમાના દર્શન છ કિ.મી. દૂરથી થઈ શકશે. કંથડનાથ કિલ્લો વિક્રમ સંવત ૧૭૦૫ના નિર્માણ થયેલ છે.

● રાજસ્થાનના બાડમેરમાં ગંધવ ભાકાસર ક્ષેત્રમાં નેશનલ હાઈવે ૯૨૫ પર બારતીય વાયુસેનના વિમાનો માટે ઈમરજન્સી લેન્ડિંગ ફિલ્ડ ઈએલએફનું ઉદ્‌ઘાટન રક્ષામંત્રી રાજનાથ સિંહ અને માર્ગપરિવહન મંત્રી નીતિન ગડકરી તથા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ બિપિન રાવતએ કર્યું. આવી તરેહના કચ્છના ભુજ-નલિયા ધોરી માર્ગ સહિત ૧૯ સ્થળ આવી ઈ-એલએફ સુવિધા વિકસાવવામાં આવશે. આમ સુરક્ષા માળખાને મજબૂત બનાવવા ભુજ નલિયા માર્ગ, સુરત વડોદરા, ફલોદી-જેસલમેર, બાડમેર-જેસલમેર માર્ગ સહિત હાઈવે પર આ કાર્ય ઉભારાવાશે.

# વિક્રમ સંવત ૨૦૭૭-૭૮ના ચોપડા પૂજનના મુહૂર્તો

**પુષ્ય નક્ષત્ર**

### આશ્વિન વદ-૭, ગુરૂવાર, તા.૨૮-૧૦-૨૦૨૧ 卐

સવારે ક. ૧૦:૫૬ - ક. ૧૨:૨૨ (ચલ), બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૮ (લાભ)
બપોરે ક. ૧૩:૪૮ - ક.૧૫:૧૪ (અમૃત), સાંજે ક. ૧૬:૪૦ - ક.૧૮:૦૬ (શુભ)
રાત્રે ક. ૧૮:૦૬ - ક. ૧૯:૪૦ (અમૃત), રાત્રે ક. ૧૯:૪૦ - ક. ૨૧:૧૪ (ચલ)

### આશ્વિન વદ-૮, શુક્રવાર, તા.૨૯-૧૦-૨૦૨૧

સવારે ક. ૦૮:૦૪ - ક. ૦૯:૩૦ (લાભ), સવારે ક. ૦૯:૩૦ - ક. ૧૦:૫૬ (અમૃત)

**ધનતેરસ**

### આશ્વિન વદ-૧૨, મંગળવાર, તા.૦૨-૧૧-૨૦૨૧ 卐

સવારે ક. ૦૯:૩૦ - ક. ૧૦:૫૭ (ચલ), સવારે ક. ૧૦:૫૭ - ક. ૧૨:૨૨ (લાભ),
બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૭ (અમૃત), બપોરે ક. ૧૫:૧૩ - ક.૧૬:૩૮ (શુભ),
રાત્રે ક. ૧૯:૩૮ - ક. ૨૧:૧૩ (લાભ), રાત્રે ક. ૨૨:૪૭ - ક. ૦૦:૨૨ (શુભ)

**દિવાળી**

### આશ્વિન વદ-૩૦, ગુરૂવાર, તા.૦૪-૧૧-૨૦૨૧ 卐

સવારે ક. ૦૬:૪૧ - ક. ૦૮:૦૬ (શુભ), સવારે ક. ૧૦:૫૭ - ક. ૧૨:૨૨ (ચલ)
બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૭ (લાભ), બપોરે ક. ૧૩:૪૭ - ક. ૧૫:૧૨ (અમૃત)
સાંજે ક. ૧૬:૩૭ - ક.૧૮:૦૨ (શુભ), રાત્રે ક. ૧૮:૦૨ - ક. ૧૯:૩૭ (અમૃત)
રાત્રે ક. ૧૯:૩૭ - ક. ૨૧:૧૨ (ચલ)

**બેસતું વર્ષ**
સંવત ૨૦૭૮

### કાર્તિક સુદ -૧, શુક્રવાર, તા.૦૫-૧૧-૨૦૨૧ 卐

સવારે ક. ૦૮:૦૭ - ક. ૦૯:૩૨ (લાભ), સવારે ક. ૦૯:૩૨ - ક. ૧૦:૫૭ (અમૃત)
બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૮ (શુભ)

**લાભ પાંચમ જ્ઞાન પાંચમ**

### કાર્તિક સુદ -૫, મંગળવાર, તા.૦૯-૧૧-૨૦૨૧ 卐

સવારે ક. ૦૯:૩૧ - ક. ૧૦:૫૭ (ચલ), સવારે ક. ૧૦:૫૭ - ક. ૧૨:૨૨ (લાભ)
બપોરે ક. ૧૨:૨૨ - ક. ૧૩:૪૭ (અમૃત), બપોરે ક. ૧૫:૧૩ - ક. ૧૬:૩૮ (શુભ)


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA